**ઔદ્યોગિક સલામતી** | ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા 'ડીશ' દ્વારા મળ્યો સેમીનાર

# ઉધોગના નફા નુકશાન કરતા માનવ જીંદગી મહત્વની છે!

■ કચ્છમાં ઉધોગોમાં સલામત સંસ્કૃતિને પ્રોત્સાહન આપતા ઈકોસિસ્ટમની હિમાયતના ભાગરૂપ આયોજન

ભાસ્કર ન્યૂઝ. ગાંધીધામ






ઉધોગ ના નફા નુકશાન કરતા માનવ જીંદગી અમૂલ્ય છે તે વિચારને પ્રોત્સાહન આપતું અને કચ્છ ના ઉધોગો માં સલામતી સંસ્કૃતિ ને પ્રોત્સાહન આપવા ઈકોસિસ્ટમ ની હિમાયત કરવાના ભાગરુપે ફોકીયા દ્વારા સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. વ્યવાસાયિક કાર્યસ્થળે અકસ્માતો નિવારવા માટે સરકારની નીતિ ના નજીક ના ભવિષ્ય માં આવનારા સુધારાઓ પર આ સેમીનાર માં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ગાંધીધામ ખાતે ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીસ એસોસીએશન (FOKIA) અને ડિરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફટી & હેલ્થ દ્વારા 'ગર્વમેન્ટ પોલીસી અપડેટ, ઈન્ડસ્ટ્રીયલ એક્સીડેન્ટ્સ પ્રીવેન્શન' વિષય પર સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે પી. એમ. શાહ, ડિરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફટી અને હેલ્થએ હાજર રહિને પોલીસીમાં આવેલા નવા સુધારો અંગે માહિતી આપી ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતુ. ફોકિયાના એમડી નિમિષ ફડકેએ મોમેન્ટો આપીને ડિરેક્ટરનું સ્વાગત કર્યું હતું. ફોકીઆના ડિરેક્ટર્સ તલકશીભાઈ નંદુ,શરદભાઈ ભાટીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સેમીનારમા વિવિધ ઉધોગો ના મેનેજિંગ ડિરેક્ટર, ડિરેક્ટર, વાઈસ પ્રેસિડેન્ટ, વ્યવસાયિક આરોગ્ય અને સલામતી સમિતિ ના સભ્યો, હેલ્થ, સેફટી એન્વાયારન્મેન્ટ વિભાગના વડા, ચીફ મેડીકલ ઓફિસર્સ,એચઆર હેડ,વ્યવસાયિક સલામતી મેનેજર્સ,મુખ્ય કારોબારી અધિકારી કક્ષાના વ્યવસાયિક અધિકારીઓ અને અન્ય રસ ધરાવતા સભ્યોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સંચાલન કુંજન જોશી એ કર્યું હતું. રાધિકા ઠક્કર, કમલેશ દેવરિયા, જીગર મકવાણા, મનીષ લોંચા અને ભરત બારોટે સેમીનારની વ્યવસ્થા સંભાળી હતી. છેલ્લે ઉપસ્થિતોએ પોતાના પ્રશ્નો પૂછીને તેના સંતોષકારક જવાબ પ્રાપ્ત કર્યા હતા.

## ઈન્ડસ્ટ્રીયલ સેફટી છે મહત્વનો મુદો

ગાંધીધામ આસપાસ ઉધોગો મોટા પ્રમાણમાં આવેલા છે ત્યારે અવાર નવાર અકસ્માતોમાં મોત અને ઈજા પહોંચવાની ઘટનાઓ બનતી હોવાનું સામે આવે છે. જેમાં અવાર નવાર મજુરો અને સામાન્ય વર્ગના હક્કો છીનવાતા હોવાની અને શોષણ થતા હોવાની ફરિયાદો પણ ઉઠતી રહે છે.

Scanned by CamScanner